IJCRT.ORG ISSN : 2320-2882

INTERNATIONAL JOURNAL OF CREATIVE RESEARCH THOUGHTS (IJCRT)

An International Open Access, Peer-reviewed, Refereed Journal

# સ્ટાર્ટઅપ અને ઇનોવેશન

**RESEARCH SCHOLAR**

PATEL SANJAYKUMAR C.

M.Com., M.Ed.

INCARGE PRINCIPAL
SHRI SARDAR PATEL COLLEGE OF EDUCATION, NAVSARI
**GUIDE**

Dr. NAYNABEN CHAUHAN
SHIKSHAN BHARTI COLLEGE OF EDUCATION, VESU
BHAGWAN MAHAVIR UNIVERCITY, SURAT

**સારાંશ/ABSTRACT**

વિશ્વની વસ્તી જે હદે વધી રહી છે તે સમગ્ર માનવ સમાજ માટે મોટો પ્રશ્ન છે. વિશ્વની વસતીની સાથે ભારતની વસ્તી પણ ઘણી ઝડપી વધી રહી છે. એવો અંદાજ છે કે આવનારા થોડાજ વર્ષોમાં વિશ્વમાં ચીનને પાછળ છોડી ભારત વિશ્વમાં સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ બની જશે. ૧૪૫ કરોડ જેટલી વસ્તીને જ્યારે જીવન જરૂરી જરૂરિયાતોની પૂર્તતા કરવા માટે પણ ખૂબ મોટા પ્રમાણમાં આયોજન કરવાની જરૂર પડશે. ગાંધીજીના શબ્દોમાં કહીએ તો છેવટનો માનવી જ્યાં સુધી પોતાની જરૂરીયાતો ન સંતોષે ત્યાં સુધી આપણી તમામ પ્રગતિ નિરર્થક છે. તેથી છેવટના વ્યકિત સુધી જીવનજરૂરી તમામ વસ્તુઓ પહોંચાડવા માટે પણ યોગ્ય પ્લાનીંગ કરવું જ પડશે નહિતો તેના ગંભીર પરિણામો એક દિવસ સમગ્ર રાષ્ટ્ર અને વિશ્વએ ભોગવવા પડશે. આ બધો વિચાર કરીને છેવટના માનવીનું પણ ઉત્થાન થાય તેવા હકારાત્મક વિચારો કરીને સરકારે છેલ્લા વર્ષોમાં એક પ્રોજેકટ શરૂ કર્યો છે જેને આપણે “સ્ટાર્ટઅપ-ઈન્ડિયા' નામથી ઓળખીશું.

**પ્રસ્તાવના :-**

આપણા વડાપ્રધાનશ્રી દ્વારા ૧૬ જાન્યુઆરી ૨૦૧૬ના રોજ યુવાનોના સપના પૂરા કરવા માટે 'સ્ટાર્ટઅપ-ઇન્ડિયા'ના કાર્યક્રમની જાહેરાત કરી. આ યોજના દ્વારા કૌશલ્યો પ્રાપ્ત યુવાનો પોતાની રીતે પોતાના ધંધા-રોજગારની સ્થાપ્ના કરે અને પોતાના તેમજ દેશના સર્વાંગી વિકાસમાં મહત્વનું યોગદાન આપે એ હેતુથી 'સ્ટાર્ટઅપ-ઇન્ડિયા'ની શરૂઆત કરી છે. જેમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર પણ સક્રિય ભાગ ભજવી યુવાનોને ઓધોગિક વસાહતોમાં શેડ ફાળવવાનો મહત્વનો નિર્ણય કર્યો છે.

## 'સ્ટાર્ટઅપ' શું છે?

ભારત સરકારની આઇ.ટી. ક્ષેત્રની પ્રતિષ્ઠિત સંસ્થા નાસ નાસ્કોમના એક અભ્યાસ અહેવાલ મુજબ ૨૦૧૪ થી ૨૦૧૯ ના સમગાળા દરમ્યાન એવરેજ વાર્ષિક ૧૨ થી૧૫ ટકાના ધોરણે સ્ટાર્ટઅપમાં વૃદ્ધિ થાય છે. ગૂજરાત સરકારને પણ વિશ્વાસ છે કે ગુજરાતના યૂવાનો માત્ર રોજગારી નથી શોધતા પરતુ રોજગારીનું સર્જન કરવા પણ સક્ષમ છે. આ માટે રાજય સરકાર ગુજરાતના યુવાનને સતત પ્રોત્સાહન પૂરૂ પાડી રહી છે. હાલમાં ૪૩% સ્ટાર્ટઅપ શેર સાથે દેશમાં ગુજરાત દેશનું સ્ટાર્ટઅપ હબ બન્યું છે. દેશના કુલ ૧૫૦ સ્ટાર્ટ અપમાંથી ૪૩% ફડે સ્ટાર્ટઅપ એકલા ગુજરાતમાં કાર્યરત છે. વિશ્વમાં ભારત સ્ટાર્ટઅપ ક્ષેત્રે ત્રીજા નંબરનું રાષ્ટ્ર બન્યું છે. સ્ટાર્ટઅપ કલ્ચરને ઝડપી બનાવવા સ્થાનિક યુનિવર્સિટીઓ, ઉચ્ચશિક્ષણ સંસ્થાઓ પણ આ બાબતે સક્રિય જણાય રહી છે.

## ગુજરાત સરકારની ભૂમીકા :-

ગુજરાતનો યુવાન “જોબ સિકરમાંથી જોબ ગીવર" બને તેવા સંકલ્પ ગુજરાત સરકારે કર્યો છે. સરકારી વિભાગોમાં પણ ચેલેન્જીશ સોલ્યુશનમાં સ્ટાર્ટઅપ નો સહયોગ લેવાની નેમ રાખી છે. રાજ્ય સરકારે અત્યાર સુધીમાં ૧૪૦ કરોડથી વધુની સહાય દ્વારા સ્ટાર્ટઅપને વેગ અપાયો છે. ૪૦૦૦ થી વધુ લોકોને તેમાં રોજગારી પ્રાપ્ત થઈ છે. છેલ્લા વર્ષે પણ દેશમાં ગુજરાત રાજ્ય સ્ટાટઅપનું હબ બન્યું છે. જે તેની સફળતા સૂચવે છે.

## સ્ટાર્ટ અપ શા માટે ? :-

વૈશ્વિક સ્તરે સંશોધન અને ઉધોગ સાહસિકતાએ રાષ્ટ્રની સમુદ્ધિ માટેના બે ચાવીરૂપ પરિબળો છે. ગુજરાત સરકારે રાષ્ટ્રીય સ્તરે ઈનોવેશન ક્ષેત્ર પ્રોત્સાહન આપવા માળખાકીય સંસ્થાઓ માટેની યોજનાના નિર્માણથી ઘણા સમય પહેલા આ દિશામાં વિચાર્યું હતું. ઉત્પાદન ક્ષેત્રે પરિવર્તન કરવા પરંપરાગત અને આધુનિક એમ બન્ને રીતે ઉત્કૃષ્ટ પ્રયાસો કર્યા છે. આને વધુ સરળ બનાવવા માટે રાજ્યમાં હાલ ઈનોવેશન હબ (I-HUB) વિકસીત થઈ રહ્યું છે. ૨૦ કરોડ રૂપિયાની જોગવાઈ દ્વારા અમદાવાદ શહેરના મધ્યમાં ઈનોવેશન માટેનું વિશ્વ કક્ષાનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસી રહ્યું છે. આના પેટા કેન્દ્રની સ્થાપ્ના સુરત, રાજડોટ અને વડોદરા ખાતે પણ ૬ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આના કારણે યુવાનોને રોજગારી મળશે. યુવાનો પોતાની આવડતનો યોગ્ય ઉપયોગ કરી દેશ તેમજ વિશ્વકક્ષાએ પોતાનું યોગદાન આપશે એટલો વિશ્વાસ રાખવો રહ્યો.

## વિશ્વ અને સ્ટાર્ટઅપ :-

વૈશ્વિક આંકડા દર્શાવે છે કે કોઈ પણ દેશની મોટી કંપનીઓ કરતા સ્ટાર્ટઅપે વધુ રોજગારીનું સર્જન કર્યું છે. સ્ટાર્ટઅપ ભલે નવી તેમજ નાની કંપની હોય તેની શરૂઆત ગણ્યા ગાંઠયા સ્થળોએ કે વ્યકિતગત હોય પહેલું તેઓ એવી વસ્તુ કે સર્વિસની ઓફર કરે છે જે અત્યારે બજારમાં ઉપલબ્ધ નથી. શરૂઆતમાં આ કંપનીનો ખર્ચ તેની આવક કરતા વધારે હશે કારણ કે વસ્તુનું પરિક્ષણ અને માર્કેટીંગમાં વધુ ખર્ચ થશે. પરંતુ તેઓ સ્થાનિક સરકારના સહયોગ અને ગ્રાન્ટ સ્વરૂપે નાણાં મેળવી ચોક્કસ પગભર થશે.

## સ્ટાર્ટઅપના ભંડોળની સમસ્યા અને સમાધાન:-

૧. પ્રધાનમંત્રી માઇક્રો યુનિટ્સ ડેવલોપમેન્ટ એન્ડ રિફાઇનાન્સ એજન્સી લિમિટેડ(મુંદ્રા)
૨. બુટ્સ્ટ્રેપિંગ કે સેલ્ફફંડિંગ
૩. ક્રાઉડ ફંડિંગ
૪. એંજલ ઇન્વેસ્ટમેન્ટ
૫. વેન્ચર કેપિટલ
૬. બિઝનેસ લંક્યુબેટર્સ અને એક્સલરેટર્સ

૭. માઇક્રો ફાઇનન્સ પ્રોવાઇડર્સ કે એનબીએફસી

**સ્ટાર્ટઅપના ઈન્ડિયાનો ૧૯-પોઈન્ટ એક્શન પ્લાન :-**

૧. સેલ્ફ-સર્ટિફિકેશનનું પાલન
૨. સ્ટાર્ટઅપ ઈન્ડિયા કેન્દ્ર મારફતે સિંગલ પોઈન્ટ કૉન્ટેક્ટ
૩. મોબાઈલ એપ અને પોર્ટલ સાથે પ્રક્રિયાઓનું સરળીકરણ (રજીસ્ટ્રેશન,નીતિનિયમોના પાલન અને માહિતી મેળવવા માટે)
૪. કાયદાકીય સમર્થન, ફાસ્ટટ્રેકિંગ અને પેટન્ટ રજિસ્ટ્રેશન ફીમાં ૮૦ ટકાનો ઘટાડો
૫. સરકારી ખરીદીના નિયમોમાં છૂટછાટ
૬. સરળ અને ઝડપથી બહાર નીકળવાની સુવિધા
૭. રૂા. ૧૦,૦૦૦ કરોડના ફંડ ઓફ ફંડ્સ ભંડોળ મારફતે ફંડિગ્સપોર્ટ
૮. ક્રેડિટ ગેરંટી ફંડિંગ
૯. મૂડીગત લાભ પર કરવેરામાં મુક્તિ
૧૦. આવકવેરામાં ૩ વર્ષ મુક્તિ
૧૧. ફેરમાર્કેટ વેલ્યુ (એફએમવી) ઉપરાંત રોકાણ પર કરવેરામાં મુક્તિ
૧૨. વાર્ષિક સ્ટાર્ટઅપ ફેસ્ટિવલ (રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય)
૧૩. અટલ ઈનોવેશન મિશન (એઆઈએમ) હેઠળ વૈશ્વિક કક્ષાના નવીનતા કેન્દ્રોની સ્થાપ્ના
૧૪. રાષ્ટ્રવ્યાપી ઈન્ક્યુબેટર નેટવર્કની સ્થાપ્ના
૧૫. ઈન્ક્યુબેશન અને સંશોધન અને વિકાસના વિસ્તાર માટે નવીનતા કેન્દ્રો
૧૬. નવીનતાને પ્રોત્સાહન આપવા સંશોધન, પાર્ક
૧૭. બાયોટેકનોલોજીમાં ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન
૧૮. વિદ્યાર્થીઓ માટે નવીનતા કેન્દ્રિત કાર્યક્રમો
૧૯. વાર્ષિક ઈન્ક્યુબેટર ગ્રાન્ડ ચેલેન્જ

**જાણીતા સ્ટાર્ટઅપની માહિતી :-**

નીરેઈન પ્રાઈવેટ લિમીટેડ (રેઈનવોટર હાર્વેસ્ટીંગ)
- વરસાદી પાણીનો સંચય કરવાનું કાર્ય

D3S હેલ્થકેર ટેક્નોલોજી, અમદાવાદ.
- સ્તન કેન્સરના નિદાન માટે પ્રવૃતિ કરે છે.

ફ્રીડમ વ્હીલ્સ એન્ટરપ્રાઈઝીસ
- દિવ્યાંગ લોકો માટે વ્યાજબી ભાવની મોટર સાઈકલ બનાવે છે.

ઈબી ઇન્ડિયા
- ઈલેક્ટ્રોનિક્સ મોટરનું મોટુ પ્લેટફોર્મ છે.

IOTA ડિઝાઈન એન્ડ ઈનોવેશન્સ લેબ પ્રાઈવેટ લિમીટેડ
- દરેક વ્યક્તિને વ્યાજબી અને સરળ હેલ્થકેર સોલ્યુશન પુરા પાડવાનું કામ કરે છે.

**ઉપસંહાર :-**

અથાગ પરિશ્રમનો કોઇ વિકલ્પ નથી, સિદ્ધિ તેને વરે જે પરસેવે ન્હાય, ઉપરોક્ત કહેવતો ને સમજવી હોય તો સ્ટાર્ટઅપની ઉપરોક્ત ચર્ચા આધારે એટલું કહી શકાય કે દરેક નાની બાબત પ્રથમ અશક્ય ગણાય છે. ઈતિહાસ ચકાસી લો કોઇ પણ શોધ સરળતાથી થઈ નથી. શક્યતાઓ ઉપર શંકા કરવા કરતા પ્રયત્નો ઉપર આશાવાદ રાખી પ્રયત્નોમાં ઉમેરો કરશો તો સફળતા ચોક્કસ મળશે જ. ભલે એક સમયે થાકી જવાય પરંતુ મુશકેલીથી મેળવેલી સફળતાનો આનંદ અનેરો હોય

છે. તેવી જ રીતે સ્ટાર્ટઅપ પણ આવનારા વર્ષોમાં ચોક્કસ સફળતા પ્રાપ્ત કરશે જ. યુવાનોને પોતાની ક્ષમતા પુરવાર કરવા માટે એક સક્ષમ પ્લેટફોર્મ મળી રહ્યુ છે તઓની સફળતા માટે આપણે સૌ આશાવાદી બનીએ.

**સંદર્ભ :-**


શર્મા એ. (૨૦૧૯) ઉધોગ સાહસિકતા : ગુજરાતની સ્ટાર્ટઅપ અને ઇનોવેશન સ્ટોરી.
"યોજના'. જાન્યુઆરી, અંક-૧૦.
માહિતી અને પ્રસારણ મંત્રાલય, ભારત સરકાર.

રૂપાણી વી. (૨૦૨૦) ગુજરાત બન્યું દેશભરનું સ્ટાર્ટઅપ હબ "યોજના".
જાન્યુઆરી, અંક-૨,
માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

"દિવ્ય ભાસ્કર ' દૈનિક
બુધવાર પૂર્તિ : કળશ
કોલમ : સ્ટાર્ટઅપ વેલ્યુએશન : અધરી પણ જરૂરી ગણતરી
લેખક : કૃણાલ ગઢવી

Website: www.gujaratinformation.net
http://www.startup.gujarat.gov.in